# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**‘ખાખી’ બની લોહીતરસી** — “નોકરી જાય તો ફેર નથી પડતો, હું કરોડપતિ છું” કહી સત્તાના મદમાં સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપના પીઆઈ બેફામ બન્યા

# દારૂબંધીનો અવાજ ઉઠાવનાર પ્રોફેસર પર PIનો જીવલેણ હુમલો !

**પોલીસ સ્ટેશનમાં** બોલાવી હુમલો કર્યા બાદ હોસ્પિટલમાં પણ ૧૦-૧૫ ગુંડાઓ સાથે તૂટી પડ્યા



(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૬

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વેરવિખેર થઈ ગઈ હોય તેમ ખુદ રક્ષક જ ભક્ષક બન્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. દારૂના વેપારનો વિરોધ કરવાની હિંમત દાખવનારા પ્રતિષ્ઠિત પ્રોફેસર અને ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય હર્ષ દવે પર લુણાવાડામાં મહિસાગરના સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપના પી.આઈ. વિમલ ધોરડા અને તેમના સાગરીતોએ જીવલેણ હુમલો કર્યો છે. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા પ્રોફેસરને બ્રેન હેમરેજ થતાં હાલ તેઓ અમદાવાદની એપોલો હોસ્પિટલમાં અત્યંત નાજુક હાલતમાં સારવાર હેઠળ છે.

ષડયંત્રના ભાગરૂપે પોલીસ સ્ટેશનમાં જ હુમલો પ્રોફેસર હર્ષ દવે વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર દારૂના વેપારનો વિરોધ કરી રહ્યા હતા, જે બાબતે તેમણે જિલ્લા પોલીસ વડા (SP) હસન સમક્ષ લેખિત અને મૌખિક રજૂઆત પણ કરી હતી. આ રજૂઆતની અદાવત રાખી પોલીસ ઈન્સ્પેક્ટર વિમલ ધોરડાએ કાવતરું ઘડ્યું હતું. પોલીસ કોન્સ્ટેબલ નાથુભાઈ મારફતે પ્રોફેસરને ‘સાહેબ વાત કરવા બોલાવે છે.’ તેમ કહી મહિલા પોલીસ સ્ટેશન ખાતે બોલાવ્યા હતા અને ત્યાં જ તેમના પર મારી નાખવાના ઈરાદે હિંસક હુમલો કરવામાં આવ્યો હતો.

### પીઆઈનો લાંબા સમયથી જિલ્લામાં અડિંગો

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, પોલીસ ઇન્સ્પેક્ટર વિમલ ધોરડા છેલ્લા ૭ થી ૮ વર્ષથી મહીસાગર જિલ્લામાં જ ફરજ બજાવે છે. બદલીના નિયમો હોવા છતાં, આવા ભ્રષ્ટ અધિકારીઓ પોતાની વગના જોરે એક જ જિલ્લામાં પગપેસારો કરીને બેઠા છે, જેના કારણે ગુનેગારો બેફામ બન્યા છે.

### તટસ્થ તપાસ કરી પગલાં ભરવા ઉગ્ર માંગ

એક સજ્જન નાગરિક અને પ્રોફેસર કક્ષાની વ્યક્તિ પર ખુદ પોલીસ અધિકારી દ્વારા આ પ્રકારે હિચકારો હુમલો થતાં મહીસાગર જિલ્લા પોલીસની છબી ખરડાઈ છે. હવે જોવાનું એ રહે છે કે ગૃહ વિભાગ આ મામલે પોલીસ ઇન્સ્પેક્ટર વિમલ ધોરડા અને તેના સાગરીતો સામે કેવા કડક પગલાં લે છે ? શૈક્ષણિક આલમમાં આ ઘટનાને લઈને ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે.

### સત્તાનો નશો અને અહંકાર

આ હુમલા દરમિયાન પોલીસ ઇન્સ્પેક્ટર વિમલ ધોરડાએ સત્તાના મદમાં આવી પ્રોફેસરને બેફામ ધમકી આપી હતી કે, “હું કરોડપતિ છું, મને મારી નોકરી જશે તો પણ કોઈ ફરક પડતો નથી.” એક પોલીસ અધિકારીના મોઢે આવા શબ્દો ખાખીને કલંકિત કરી રહ્યા છે.

### બે મહિના જૂની અદાવત હોવાનું અનુમાન

લુણાવાડામાં મહિલા પોલીસ સ્ટેશનની સામે પ્રોફેસર હર્ષ દવે અને એસઓજી પોલીસ ઇન્સ્પેક્ટર વિમલ ધોડા વચ્ચે થયેલી ઉગ્ર મારામારીની ઘટનાએ સમગ્ર પંથકમાં ચર્ચા જગાડી છે. આ મામલે લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશનમાં અરજી દાખલ કરવામાં આવી છે, જેમાં બંને પક્ષોએ એકબીજા પર ગંભીર આક્ષેપો કર્યા છે. મળતી વિગતો મુજબ, આ બંને પક્ષો વચ્ચે વિવાદની શરૂઆત બે મહિના પહેલા થઈ હતી. કોઈ એક મેટરમાં એસઓજી પીઆઈએ ભલામણ ન રાખતા બંને વચ્ચે મનદુઃખ થયું હતું. આ જૂના મનદુઃખના કારણે બંને પક્ષો વચ્ચે બોલાચાલી બાદ મામલો બિચક્યો હતો અને મારામારી સુધી પહોંચ્યો હતો.

### હોસ્પિટલમાં પણ અસામાજિક તત્વો સાથે ત્રાટક્યા

પોલીસ સ્ટેશનમાં હુમલા બાદ જ્યારે પ્રોફેસર લુણાવાડાની સ્થાનિક હોસ્પિટલમાં સારવાર માટે પહોંચ્યા, ત્યારે પણ પોલીસ ઇન્સ્પેક્ટરની ક્રૂરતા શમી નહોતી. તેઓ પોતાના ૧૦થી ૧૫ અસામાજિક તત્વો અને સાગરીતો સાથે હોસ્પિટલ ખાતે ધસી આવ્યા હતા અને ફરીથી હિંસક હુમલો કર્યો હતો. આ ડબલ એટેકને કારણે પ્રોફેસરને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી છે.

### હેડક્વાર્ટર્સના નાયબ પોલીસ અધિક્ષકને તપાસ સોંપાઇ

‘આ સમગ્ર મામલાની તપાસ નાયબ પોલીસ અધિક્ષક હેડક્વાર્ટરને સોંપવામાં આવી છે. તપાસ અધિકારી દ્વારા ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ એકત્ર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જેના આધારે સત્ય બહાર આવશે. મેડિકલ રિપોર્ટની રાહ પોલીસ દ્વારા ભોગ બનનારનો સિવિલ હોસ્પિટલ ખાતે સંપર્ક કરાવવામાં આવ્યો હતો, પરંતુ તેમણે અમદાવાદ ખાતે સારવાર કરાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. હાલમાં આક્ષેપ કરનારી વ્યક્તિ અમદાવાદ ખાતે સારવાર હેઠળ છે. હજુ સુધી કોઈ મેડિકલ સર્ટિફિકેટ કે એમએલસી રિપોર્ટ મળ્યો નથી. અમદાવાદની હોસ્પિટલમાંથી મેડિકલ સર્ટિફિકેટ આવ્યા બાદ અને બંને પક્ષોની દલીલો સાંભળ્યા પછી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.’ **- સફીન હસન, જિલ્લા પોલીસ વડા, મહિસાગર.**

# ચોમાસાના વિલંબથી ગરમી વધી : તાપમાન ૩૮.૫ ડિગ્રી

**જનજીવન** પરેશાન, સવારથી જ ઉકળાટ, ભેજના ફેરફારથી લોકો ત્રસ્ત

(પ્રતિનિધિ) આણંદ તા. ૨૬

આણંદ જિલ્લામાં ચાલુ વર્ષે ચોમાસાના આગમનમાં વિલંબ થવાને કારણે વાતાવરણમાં ભારે અકળામણ જોવા મળી રહી છે.

સમગ્ર વિસ્તારમાં છેલ્લા પાંચેક દિવસથી સવારથી જ સૂર્યનારાયણના આકરા તેવર અને હવામાનમાં આવેલા બદલાવને કારણે ગરમીનો પારો અચાનક ઊંચકાઈ ગયો હતો, જેના લીધે લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. વરસાદ ખેંચાવાને લીધે વાતાવરણમાં ભેજ અને ગરમીનું પ્રમાણ વધતાં અસહ્ય સ્થિતિ સર્જાઈ છે. શુક્રવારે તાપમાન વધીને ૩૮.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું.

આ સાથે જ વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઘટીને ૬૯ ટકા થઈ ગયું હતું. ભેજના પ્રમાણમાં થયેલા આ ઘટાડા અને વધતા તાપમાનના પરિણામે વહેલી સવારથી ઉકળાટ અને બફારો શરૂ થઈ ગયો છે, જેના કારણે લોકો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. બપોરના સમયે ગરમીનું જોર વધુ આકરું બન્યું હતું.

હવામાં ૬૯ ટકા ભેજની હાજરી વચ્ચે દિવસનું મહત્તમ તાપમાન વધીને ૩૮.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આકરા તાપની સાથે જ દિવસ દરમિયાન પવન પશ્ચિમ અને દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી સરેરાશ ૯ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયો હતો. ગરમ પવન અને બફારાના બેવડા મારાથી બચવા માટે લોકોએ બપોરના સમયે બહાર નીકળવાનું ટાળ્યું હતું. વરસાદ વગર જનજીવન ત્રાહિમામ પોકારી ઊઠ્યું છે.

રેલવે ટ્રેક પરથી મળેલો મૃતદેહ અકસ્માત નહીં પણ સુનિયોજિત હત્યા હોવાનો પરિવારનો દાવો

# મહેમદાવાદ : યુવકના શંકાસ્પદ મોત કેસમાં પોલીસ સામે પરિવારમાં રોષ

**સોજાલીના યુવકની** રહસ્યમય મોતના પગલે ક્ષત્રિય સમાજમાં ભારે આક્રોશ



(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૬

મહેમદાવાદ તાલુકાના સોજાલી ગામના ૨૯ વર્ષીય ક્ષત્રિય યુવાન ભરત ચૌહાણનો મૃતદેહ ગત ૧૪ જૂને પહાડ ગામની સીમમાં રેલવે ટ્રેક પાસેથી શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે આ ઘટનાને ટ્રેન અડફેટે થયેલ અકસ્માત ગણાવી ગુનો નોંધ્યો છે, પરંતુ મૃતકના પરિવારે ગંભીર આક્ષેપ કર્યો છે કે આ અકસ્માત નહીં પણ એક સુનિયોજિત હત્યા છે.

પરિવારના જણાવ્યા મુજબ, ભરત માનસિક રીતે મજબૂત હતો અને આત્મહત્યા કરે તેવો નહોતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પણ ખુલાસો થયો છે કે ભરતનું મોત માથાના ભાગે થયેલી ગંભીર ઈજાને કારણે થયું છે, ઉપરાંત તેના ચહેરા અને હાથ પર તીક્ષ્ણ હથિયારના નિશાન છે જે અકસ્માતની થિયરીને ખોટી સાબિત કરે છે. રેલવેના પાયલોટની પૂછપરછમાં પણ જાણવા મળ્યું છે કે લાશ બે પાટાની વચ્ચે વ્યવસ્થિત રીતે ગોઠવાયેલી હતી, જે હત્યા કરી પુરાવા નાશ કરવાનો પ્રયાસ હોઈ શકે છે.

વર્ષ ૨૦૨૪માં પાડોશીઓ સાથે રસ્તાના દબાણ મામલે થયેલી માથાકૂટ અને હુમલાની અદાવતમાં આ હત્યા કરાઈ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

સમગ્ર ક્ષત્રિય સમાજમાં આ ઘટનાને લઈને રોષ છે અને સ્થાનિક પોલીસ દ્વારા તપાસમાં ઢીલ મુકાતી હોવાના આક્ષેપ સાથે કેસની તપાસ ઉચ્ચ અધિકારીઓને સોંપવા માંગ કરાઈ છે. હાલમાં મહેમદાવાદ પોલીસ સ્ટેશનના પીઆઈનો સંપર્ક ન થઈ શકતા પોલીસ પક્ષનો ખુલાસો સામે આવ્યો નથી.

હાલ આ ઘટનાને લઇ સોજાલી ગામમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે.

### પત્ની અને બે માસૂમ બાળકો નોંધારા બન્યા

મૃતક ભરત ચૌહાણ પોતાના પરિવારનો મુખ્ય કમાનાર સભ્ય હતો. તેના અવસાનથી તેની પત્ની, એક પુત્ર અને એક પુત્રી પિતાની છત્રછાયા ગુમાવી નોંધારા બન્યા છે. પરિવારે ન્યાય માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓને લેખિત રજૂઆત કરી છે.

# કપડવંજમાં ચેક રિટર્ન કેસમાં લોન ધારકને એક વર્ષની કેદ

**ગળતેશ્વરના** શખસે શ્રીરામ ફાઈનાન્સના લેણાં પેટે આપેલો રૂ.૧.૨૮ લાખનો ચેક રિટર્ન થયો હતો

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૬

કપડવંજની અદાલતે ચેક રિટર્નના એક કેસમાં કડક વલણ અપનાવી આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે.

ગળતેશ્વરના વસો ગામના રહેવાસી ભગવાન શિવાભાઈ પરમારે કપડવંજ સ્થિત શ્રીરામ ફાઈનાન્સ લિમિટેડમાંથી પર્સનલ લોન લીધી હતી. લોનના હપ્તા નિયમિત ન ભરાતા કંપનીના અધિકારી શ્યામ અજીતકુમાર મહેતા દ્વારા ઉઘરાણી કરવામાં આવી હતી. જેના સમાધાન રૂપે ભગવાનભાઈએ રૂ. ૧,૨૮,૮૧૬નો ચેક આપ્યો હતો.

જોકે, આ ચેક બેંકમાં જમા કરાવતા ‘ફન્ડ્સ ઈનસફીસીયન્ટ્સ’ (અપૂરતું ભંડોળ) ના શેરા સાથે પરત ફર્યો હતો. ફાઈનાન્સ કંપનીએ વકીલ મારફતે નોટિસ મોકલવા છતાં આરોપીએ રકમની ચુકવણી ન કરતા મામલો કપડવંજ કોર્ટમાં પહોંચ્યો હતો.

કેસની સુનાવણી બાદ, કપડવંજના બીજા અધિક ચીફ જ્યુડી મેજિસ્ટ્રેટ યુ.એસ. કાલાણીએ આરોપી ભગવાનભાઈ પરમારને નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 હેઠળ દોષિત ઠેરવ્યા હતા. કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત, ચેકની રકમ એક માસમાં ચૂકવી આપવાનો આદેશ કર્યો છે, અને જો આરોપી આ રકમ ચૂકવવામાં કસૂર કરે તો વધુ 6 માસની સાદી કેદની સજા ભોગવવી પડશે તેવો હુકમ પણ કર્યો છે.

ચાર શખ્સોને નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે કડક સજા ફટકારી

# રૂદણના સામૂહિક દુષ્કર્મ કેસમાં ૪ શખસને અંતિમ શ્વાસ સુધીની કેદ

**સગીરાને પાંચ** મહિનાનો ગર્ભ રાખી દેનાર નરાધમોને જેલમાં જ સડવું પડશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૬

મહેમદાવાદ તાલુકાના રૂદણ ગામની સીમમાં ૧૩ વર્ષની સગીરા પર સામૂહિક દુષ્કર્મ આચરી તેને ગર્ભવતી બનાવનાર ચાર શખ્સોને નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે કડક સજા ફટકારી છે. સ્પેશિયલ જજ પી. પી. પુરોહિતે તમામ ચારેય આરોપીઓને તેમના બાકી રહેલા કુદરતી જીવનના અંતિમ શ્વાસ સુધી જેલમાં રહેવાનો આદેશ આપ્યો છે.

મહેમદાવાદના રૂદણ અને જાળિયા ગામના ચાર શખ્સો - બાબુ જીવા પરમાર, શૈલેષ ઉર્ફે શૈલો બાબુ સોલંકી, કિરણ કૌશિક પરમાર અને જશુ ઉર્ફે મેઘો ભીખા સોલંકીએ ગત ૧લી એપ્રિલથી ૩૦મી જૂન ૨૦૨૪ દરમિયાન સગીરાને નહેર નજીક લઈ જઈ અવારનવાર હવસનો શિકાર બનાવી હતી. સગીરા અને તેના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી આચરેલા આ જઘન્ય અપરાધને કારણે સગીરાને પાંચ મહિનાનો ગર્ભ રહી ગયો હતો. આ અંગે મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને તમામની ધરપકડ કરી હતી. કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યું હતું.

આ કેસમાં સરકારી વકીલ ગોપાલ વી. ઠાકુરે કોર્ટમાં ૬૫ દસ્તાવેજી પુરાવા અને ૧૨ સાક્ષીઓની જુબાની રજૂ કરી આરોપીઓ સામે કડકમાં કડક સજાની માંગ કરી હતી. અદાલતે તમામને કુલ રૂ. ૪.૨૦ લાખનો આકરો દંડ પણ ફટકાર્યો છે. જો આરોપીઓ દંડ ન ભરે તો વધારાની એક વર્ષની કેદની સજા ભોગવવી પડશે.

આ ઉપરાંત, પીડિતાના પુનર્વસન માટે કુલ ૫ લાખ રૂપિયાના વળતરનો હુકમ કર્યો છે. જેમાં આરોપીઓના દંડની રકમમાંથી ૧ લાખ રૂપિયા અને ‘વિક્ટિમ કોમ્પેન્સેશન એક્ટ’ હેઠળ વધારાના ૪ લાખ રૂપિયા પીડિતાને ચૂકવવામાં આવશે.

# નડિયાદમાંથી પસાર થતાં દાંડી માર્ગને ફોર-લેન બનાવાશે

**રસ્તાના** સમારકામ માટે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ સાત કરોડ ફાળવ્યાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.26

નડિયાદ શહેરના હાર્દ સમાન અને ઐતિહાસિક મહત્વ ધરાવતા દાંડી માર્ગ (નેશનલ હાઈવે 64) ના નવસર્જન માટે કેન્દ્ર સરકાર દ્વારા મહત્વની મંજૂરી આપી દેવામાં આવી છે. વર્ષો જૂની માર્ગ પહોળો કરવાની યોજનાને વેગ આપતા આ રસ્તાને ફોર-લેન કરવા માટેનો વિગતવાર પ્રોજેક્ટ અહેવાલ તૈયાર કરવાની સત્તાવાર મંજૂરી મળી ગઈ છે.

નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ દ્વારા કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી સમક્ષ કરવામાં આવેલી રજૂઆતોને સફળતા મળી છે. લાંબાગાળાના ફોર-લેન પ્રોજેક્ટની સાથે સાથે, ચોમાસા બાદ બિસ્માર બનેલા રસ્તાની હાલત સુધારવા માટે કેન્દ્રીય મંત્રીએ 7 કરોડનું વિશેષ ભંડોળ તાત્કાલિક ધોરણે મુક્ત કર્યું છે. આ રકમમાંથી માર્ગ પરના ખાડા પૂરવા અને પેચવર્ક સહિતની સમારકામની કામગીરી ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે, જેથી વાહનચાલકોને હાલની મુશ્કેલીઓમાંથી રાહત મળી શકે.

નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા હવે આ માર્ગના સર્વેની કામગીરી હાથ ધરવામાં આવશે, જેમાં માર્ગની બંને તરફની જમીન અને મિલકતોનું આંકલન કરાશે. આ માર્ગ ફોર-લેન બનવાથી નડિયાદ શહેરની ટ્રાફિક સમસ્યામાં મોટો ઘટાડો થશે અને મધ્ય ગુજરાતના અંતરિયાળ વિસ્તારો સાથેનું જોડાણ વધુ મજબૂત બનશે, જેનાથી વાહનચાલકોના સમય અને ઈંધણની પણ બચત થશે.

વડોદરા નેશનલ હાઈવે પરથી એકને ચોરીમાં વપરાતી કાર સાથે દબોચી લીધો

# ચરોતરના હાઈવે પરથી ડીઝલ ચોરતી ગેંગનો સાગરીત પકડાયો

**એલસીબીની** પૂછપરછમાં ૩૦૦ લીટર ડીઝલની ચોરી કબૂલી



(પ્રતિનિધિ) આણંદ તા.26

આણંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદ-વડોદરા નેશનલ હાઈવે પરથી રીઢા શખસને ડિઝલ ચોરીમાં વપરાતી કાર સાથે દબોચી લીધો છે, જ્યારે તેના અન્ય ત્રણ સાથીદારોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમને બાતમી મળી હતી કે, અગાઉ ડીઝલ ચોરીના ગુનાઓમાં સંડોવાયેલો રાકેશસિંહ મુકેશસિંહ ચાવડા (રહે. જેશાપુરા, તા. ઠાસરા) તેના સાથીદારો સાથે મળીને હાઈવે પર ચોરી કરે છે. આ બાતમી મુજબ તે અમદાવાદ-વડોદરા નેશનલ હાઈવે નં.૮ પર ગામડી ગેટ બ્રીજ નીચે સફેદ કલરની આઈ-૨૦ ગાડી સાથે ઉભો હોવાથી પોલીસે તેને કોર્ડન કરીને ઝડપી પાડ્યો હતો. પોલીસની સઘન પૂછપરછમાં રાકેશે કબૂલાત કરી હતી કે ગત ૧૨મી જૂન ૨૦૨૬ના રોજ તેણે પોતાના સાથીદારો સાથે મળી ચીખોદરા ચોકડી પાસે સર્વિસ રોડ પર ઉભેલા એક કન્ટેનરમાંથી આશરે ૩૦૦ લીટર ડીઝલની ચોરી કરી હતી. આ મામલે આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો પણ દાખલ થયેલો છે. પોલીસે ગુનામાં વપરાયેલી ૧.૫૦ લાખની કિંમતની આઈ-૨૦ કાર જપ્ત કરી છે.

પોલીસના જણાવ્યાનુસાર, રાકેશસિંહ અગાઉ હાલોલ અને આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં પણ ચોરીના ગુનામાં ઝડપાઈ ચૂક્યો છે. આ ગુનામાં તેની સાથે રાજેન્દ્રસિંહ નટવરસિંહ ચાવડા, રઘુવીરસિંહ ચંપકસિંહ ચાવડા અને નવીનસિંહ ઉર્ફે ઈન્દુ ચાવડા (તમામ રહે. જેશાપુરા) હાલ પોલીસ પકડથી દૂર છે. પોલીસે પકડાયેલા આરોપીની અટકાયત કરી કાર્યવાહી માટે આણંદ ટાઉન પોલીસ સ્ટેશન સોંપ્યો છે.

# પૃથ્વી પર જ ‘પરગ્રહની વીજળી’ના રહસ્યો ઉકેલાશે

**ઇસરોના** ‘રિસ્પોન્ડ’ પ્રોજેક્ટ હેઠળ શુક્ર અને ગુરુ જેવા ગ્રહોના વાતાવરણનો અભ્યાસ લેબોરેટરીમાં કરાશે



(પ્રતિનિધિ) આણંદ તા.૨૬

અંતરિક્ષ વિજ્ઞાનના ક્ષેત્રમાં ગુજરાતની બે અગ્રણી સંસ્થાઓ, ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (ચારુસેટ), ચાંગા અને ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (પીઆરએલ), અમદાવાદે વૈશ્વિક સ્તરે ભારતનું નામ રોશન કર્યું છે. આ બંને સંસ્થાઓએ સંયુક્ત રીતે વિકસાવેલી ‘પરગ્રહ પરની વીજળીના વિશ્લેષણ અને શોધ’ માટેની અત્યાધુનિક સિસ્ટમને ભારત સરકાર દ્વારા સત્તાવાર પેટન્ટ મંજૂર કરવામાં આવી છે. આ સફળતા આગામી સમયમાં ભારતના આંતરગ્રહીય મિશન્સ (Planetary Missions) માટે ગેમ-ચેન્જર સાબિત થશે.

અત્યાર સુધી અન્ય ગ્રહો પર થતી વીજળી અને આકાશી ગતિવિધિઓનો અભ્યાસ પૃથ્વી પર રહીને કરવો અશક્ય હતો. જોકે, ચારુસેટ અને પીઆરએલના સંશોધકોએ વિકસાવેલી આ નવી સિસ્ટમ દ્વારા હવે પ્રયોગશાળામાં જ શુક્ર (Venus), ગુરુ (Jupiter) અને શનિ જેવા ગ્રહો જેવું નિયંત્રિત વાતાવરણ ઊભું કરી શકાશે. આ પ્રોજેક્ટ ISROના RESPOND પ્રોજેક્ટ હેઠળ ૪૩.૩૧ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યો છે.

આ અભિયાનમાં ડો.તૃષિત ઉપાધ્યાય (ચારુસેટ) અને જયેશ પબારી (PRL) સહિતના વૈજ્ઞાનિકોએ ભૂમિકા ભજવી છે. ચારુસેટના પ્રમુખ સુરેન્દ્રભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોએ આ સિદ્ધિને ‘આત્મનિર્ભર ભારત’ અભિયાનમાં અંતરિક્ષ વિજ્ઞાન ક્ષેત્રે એક મોટી છલાંગ ગણાવી છે. આ ટેકનોલોજી આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય સ્તરના ગ્રહ અભિયાનો માટે પણ એક અનિવાર્ય સાધન સાબિત થઈ શકે છે.

### આત્મનિર્ભરતા તરફ મોટું કદમ

આ સંશોધનનો સૌથી મહત્વનો પાસું એ છે કે તે ભવિષ્યના અવકાશ મિશનો માટે ‘લાઈટનિંગ ડિટેક્શન પેલોડ’ (વીજળી માપવાના સાધનો) ભારતમાં જ વિકસાવવા માટે પાયાનો પથ્થર બનશે. આ ટેકનોલોજી દ્વારા હાઈ-વોલ્ટેજ ઈમ્પલ્સનો ઉપયોગ કરીને કૃત્રિમ વીજળી ઉત્પન્ન કરવામાં આવશે અને તેના તરંગોનું વિશ્લેષણ કરી પરગ્રહ પર જીવનની સંભાવનાઓ અને વાદળોની સ્થિતિ તપાસવામાં આવશે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
મો. 99250 30225, મો. 99255 50225